For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# વરાછામાં ટાંકી સાફ કરવા ઉતરેલા 4નાં મોત

**ખાંડબજાર** ખાતે રતિહ જ્વેલર્સ ખાતે સર્જાઇ દુર્ઘટના

**એકબીજાને** બચાવવામાં એક પછી એક તમામ ગુંગળાઇ ગયા

સુરતઃ શહેરના વરાછા ખાંડ બજાર ગરનાળા પાસે આવેલ ચોર્યાસી ડેરીની પાછળના ભાગમાં રવિવારે સવારે બનેલી હ્રદયદ્રાવક દુર્ઘટનાએ સમગ્ર શહેરને શોકમાં ગરકાવ કરી દીધું છે. રતિહ જ્વેલર્સના પરિસરના બેઝમેન્ટના પાર્કિંગમાં ETP (એફ્લુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ) ટેન્કની સફાઈ દરમિયાન ઝેરી ગેસની અસરથી સુપરવાઈઝર સહિત ચાર યુવાનના મોત નીપજ્યા હતા. એક શ્રમિકને બચાવવા માટે ઉતરેલા અન્ય બે સાથીદારો અને સુપરવાઈઝર પણ ગૂંગળામણનો ભોગ બનતા ચારેયના જીવ ગયા હતા.

મળેલી માહિતી મુજબ, રવિવારે સવારે ટેન્કની સફાઈ માટે સૌપ્રથમ યોગેશ નાનાભાઈ જાદવ (ઉં.વ 24, રહે. રૂપલ સોસ, વેડરોડ) અંદર ઉતર્યો હતો. થોડાક સમયમાં જ તે બેભાન થઈ જતાં તેને બચાવવા વિકાસકુમાર સંતોષભાઈ સોનાવણે (ઉં.વ 24, રહે. પંચશીલનગર છાપરાભાઠા રોડ) અને વિજય ભીખાભાઈ આહિરે (ઉં.વ 24, રહે. પંચશીલનગર છાપરાભાઠા રોડ) ટેન્કમાં ઉતર્યા હતા. જોકે ઝેરી ગેસના કારણે તેઓ પણ બેભાન થઈ ગયા હતા. ત્યારબાદ સુપરવાઈઝર નિમેષ વિઠ્ઠલભાઈ સાવલિયા (ઉં.વ 43, રહે. રામકૃષ્ણ રો હાઉસ, મહાદેવ ચોક, મોટાવરાછા) બચાવ માટે અંદર ગયા, પરંતુ તેઓ પણ બહાર આવી શક્યા નહોતા. ડીસીપી આલોક કુમારે જણાવ્યું કે જ્વેલરી પ્રોસેસિંગમાંથી નીકળતા ગંદા પાણીના નિકાલ માટેની આ ETP ટેન્કની સફાઈ દરમિયાન ગૂંગળામણ અથવા ઝેરી ગેસના કારણે

...અનુસંધાન પાના 5 પર









## સુપરવાઈઝર ફાયરને ફોન કરીને પોતે પણ ટેન્કમાં ઊતરી ગયો

આ ઘટનામાં મહત્વની એ વાત જાણવા મળી હતી કે, કંપનીમાં સુપરવાઈઝર તરીકે કામ કરતા નિલેશે ઘટના દરમિયાન ફાયરને જાણ કરી હોવાની વાત જાણવા મળી હતી. ત્યારબાદ તે પણ ત્રણેય શ્રમિકને બચાવવા ટેન્કમાં ઊતરી ગયો હતો. નીલેશ તે જ કંપનીમાં કામ કરે છે, તેને આ ઘટનાની ગંભીરતા ખબર હોવા છતાં તે પણ ટેન્કમાં ઊતરી ...અનુસંધાન પાના 5 પર

## યોગેશ જાદવની પત્નીને બે માસનો ગર્ભ છે

મૃતક યોગેશ જાદવના લગ્નને હજી દસેક મહિના થયા હતા અને તેની પત્નીને અંદાજે બે મહિનાનો ગર્ભ હોવાનું જાણવા મળ્યું છે. પરિવારજનો કોઈ પ્રસંગે ગામડે ગયા હોવાથી ઘટના સમયે સુરતમાં માત્ર તેનો ભાઈ હાજર હતો. કંપની તરફથી ફોન મળ્યા બાદ સ્થળે પહોંચેલા ભાઈને પોતાના ભાઈના મોતના સમાચાર મળતાં પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો.

## હાઈડ્રોજન સલ્ફાઈડ ગેસથી મોતની આશંકા, FSL રિપોર્ટ બાદ થશે સ્પષ્ટતા

સ્મીમેર હોસ્પિટલના ફોરેન્સિક વિભાગના ડો. સંદીપ રલોતીએ જણાવ્યું હતું કે, મૃતદેહોની પ્રાથમિક તપાસ દરમિયાન કોઈ ઝેરી રસાયણના સીધા અંશ મળી આવ્યા નથી. જોકે મૃતદેહો પર હાઈડ્રોજન સલ્ફાઈડ ગેસની અસર થઈ હોય તેવા લક્ષણો જોવા મળ્યા છે. તેના આધારે ગેસના ગૂંગળામણના કારણે ચારેયના મોત થયા હોવાની પ્રબળ શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. ડો. રલોતીએ વધુમાં જણાવ્યું હતું કે, ચારેય મૃતદેહોના જરૂરી સેમ્પલ અને વિસેરા એકત્ર કરીને ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (FSL)માં મોકલવામાં આવ્યા છે. રિપોર્ટ આવ્યા બાદ મોતનું ચોક્કસ કારણ અને કયા પ્રકારના ગેસની અસર થઈ હતી તે અંગે સ્પષ્ટતા થશે. હાઈડ્રોજન સલ્ફાઈડ ગેસ સામાન્ય રીતે ગટર, ગંદા પાણીની ટાંકી, ETP પ્લાન્ટ અને બંધ ચેમ્બરમાં ઉત્પન્ન થતો હોય છે. આ ગેસ હવામાં ઓક્સિજનનું પ્રમાણ ઘટાડે છે, જેના કારણે વ્યક્તિને શ્વાસ લેવામાં તકલીફ પડે છે અને ગંભીર સ્થિતિમાં બેભાન થઈ જવાથી મોત પણ થઈ શકે છે

## એકને ફાયર બ્રિગેડની ટીમે CPR આપી બચાવવા પ્રયાસ કર્યો

સુરતઃ ખાંડ બજાર વિસ્તાર રોજરતિ હાઉસ (રતિ જ્વેલસ)નાં ઈ.ટી.પી પ્લાન્ટનાં 6 ફૂટ ઊંડા આ ચેમ્બરમાં એક વ્યક્તિ ફસાયાનો કોલ સવારે 10.22 કલાકે ફાયર કંટ્રોલ રૂમને મળ્યો હતો. દરમિયાન ફાયર બ્રિગેડની ટીમમાં પહોંચે તે પહેલાં ડિવિઝનલ ફાયર ઓફિસર રણજીત ખડીયા સ્થળ ઉપર સૌથી પહેલાં પહોંચ્યા હતા. તેમણે ઘટનાનો ચિતાર આપતા જણાવ્યું હતું કે, કુલ ચાર વ્યક્તિ ચેમ્બરમાં ફસાયા છે. બાદમાં અલગ-અલગ ત્રણ ફાયર બ્રિગેડોની ટીમો પણ પહોંચી ગઈ હતી. ત્યારબાદ ફાયરનાં જવાનો તાત્કાલિક ધોરણે બીએસએફનાં માસ્ક પહેરીને ચારેય સફાઈ કર્મીઓને બાહર કાઢી લીધા હતાં. સબકોન્સિયસ અવસ્થામાં હોવાથી ચાર પૈકી એકને સીપીઆર પણ આપવામાં આવ્યો હતો, પરંતુ કોઈપણ પ્રકારની મુવમેન્ટ ન જણાંતા 108 મારફતે ચારેયને સ્મિમેર હોસ્પિટલ રવાના કરી દેવાયા હતા.

## 700 રૂપિયાની હાજરી માટે જીવ ગુમાવ્યો

**સ્મીમેર હોસ્પિટલમાં મૃતકના પરિવારજનો વચ્ચે ચાલતી વાત મુજબ, મૃતક યોગેશ, વિકાસકુમાર અને વિજય આ ત્રણેય રાધે ડાયમંડ જ્વેલરીમાં કામ કરતા હતા. આજે રવિવાર હોવાથી રતિહ જ્વેલર્સમાં ઓવર ટાઇમ કામ કરવા માટે અને ટેન્ક સાફ કરવા માટે ગયા હતા. જ્યાં તે જ કંપનીમાં સુપરવાઈઝર તરીકે કામ કરતો નિલેશ પણ હતો. તેમણે ઓવર ટાઇમના 700 રૂપિયા મળવાના હતા તેમ જાણવા મળ્યું હતું. જેમાં વિકાસ સોનાવણે અને વિજય આહિરે પરિવારનો એકમાત્ર કમાઉ સભ્ય હતો. બંનેના મોતથી પરિવારો પર આર્થિક અને માનસિક સંકટ ઊભું થયું છે.**

**માવો ખાવા દુકાન ખોલાવવાના સામાન્ય ઝગડામાં**

# ડભોલીમાં બે યુવાનની ચપ્પુના ઘા ઝીંકી ઘાતકી સરેઆમ હત્યા

**ઝગડા** બાદ રાંદેર જઇ ચપ્પુ અને સાથીદારો સાથે બંને પરત આવ્યા હતા

**માથાભારે** યુવાનોને તેમના જ ચપ્પુ ઝૂંટવીને મારી દેવામાં આવ્યા

**હત્યામાં** સંડોવાયેલા ચારેય યુવાનોને પોલીસે ઝડપી પાડ્યા



મૃતક ભટ્ટુ



મૃતક હર્ષલ



આરોપી

### પકડાયેલા આરોપીઓ

(૧) રાહુલભાઇ શિવાજીભાઇ કૌચટ (ઉ.વ.૩૧, મજુરી કામ,રહે. બજરંગ નગર સોસાયટી ડભોલી)
(૨) તેજસ ઉર્ફે કાલુ સુરેશભાઇ શાહ (ઉ.વ.૩૧ ,બેકાર,રહે.વિહત એપાર્ટમેન્ટ ઘનશ્યામનગર સોસાયટી બાલાજી નગર ચાર રસેતા પાસે ડભોલી)
(૩) અક્ષય ઉર્ફે માંજરો નવીનભાઇ વાલેકર (ઉ.વ.૩૦ ધંધો- પ્રિન્ટીંગ,રહે. સુમન વૈભવ આવાસ છાપરાભાઠા રોડ અમરોલી)
(૪) પીંકેશ નવીનભાઇ વાલેકર (ઉ.વ.૩૩,હિરામજુરી,રહે.સુમન વૈભવ આવાસ છાપરાભાઠા રોડ અમરોલી)

સુરતઃ ડભોલી-બીઆરટીએસ રોડ પર ગોગા મહારાજ મંદિર પાસે આવેલી મોગલ ટી દુકાને માવો ખાવાની સામાન્ય બાબતે થયેલો ઝઘડો બે યુવકોની હત્યામાં પરીણમ્યો હતો. અહીં આવેલા બે યુવાનોની દુકાનદાર સાથે બોલાચાલી બાદ ત્યાં કેરમ રમી રહેલા યુવાનો સાથે તકરાર થઇ હતી. આ તકરાર બાદ બંને યુવાનો રાંદેર ગયા હતા અને ત્યાંથી સાથીદારોને લઇ ચપ્પુ સાથે ત્યાં પહોંચ્યા હતા. જેમાં સામા પક્ષવાળાઓએ તેમનું ચપ્પુ છીનવી તેમના પર હુમલો કરી દેતા બંનેના મોત થઇ ગયા હતાં.

પોલીસના સત્તાવાર સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, મહારાષ્ટ્રના વતની એવા ભટ્ટુ વનરાજ પાટીલ માળી અને હર્ષલ અધિકાર પાટીલ અન્ય મિત્ર ક્રિષ્ના મહાડિક અને મિહિર રાઠોડ સાથે બે બાઈક પર ગત રાત્રે ડભોલી બીઆરટીએસ રોડ પર આવેલા ગોગા મહારાજના મંદિર પાસે મોગલ ટી ખાતે માવો ખાવા માટે ગયા હતા. દુકાન બંધ હોવા છતાં આ યુવકોએ જીદ કરીને દુકાન ખોલાવી હતી. તે સમયે દુકાનની અંદર સ્થાનિક સિંગણપોર વિસ્તારના પીન્કેશ, તેજસ ઉર્ફે કક્લુ, અક્ષય મોરે અને રાહુલ નામના યુવકો કેરમ રમી રહ્યા હતા. આ દરમિયાન માવો ખાવા અને દુકાન ખોલાવવા બાબતે બંને જૂથો વચ્ચે ઉગ્ર દલીલો અને ઝઘડો થયો હતો.

પ્રાથમિક ઝઘડા બાદ બંને પક્ષો પોતપોતાના રસ્તે રવાના થઈ ગયા હતા. જો કે, મામલો અહીં શાંત થયો ન હતો. ભટ્ટુ માળી અને તેના સાથીદારો રાંદેર વિસ્તારમાં જઈને ત્યાંથી તીક્ષ્ણ ચપ્પુ લઈ આવ્યા હતા અને સ્થાનિક યુવકો સાથે ફરીથી માથાકૂટ કરવા પહોંચી ગયા હતા. સામસામે આવી ગયેલા આ બંને જૂથો વચ્ચે સિંગણપોરની ગલીઓમાં હિંસક મારામારી શરૂ થઈ ગઈ હતી. આ ધીંગાણા દરમિયાન, સામા પક્ષને ડરાવવા ચપ્પુ લઈને આવેલા ભટ્ટુ માળીને જ ઝપાઝપીમાં ચપ્પુના ઘા વાગી ગયા હતા, જેના કારણે તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. જ્યારે ગંભીર રીતે ઘવાયેલા ભટ્ટુના મિત્ર હર્ષલ પાટીલનું સારવાર દરમિયાન હોસ્પિટલમાં મોત નીપજ્યું હતું. પોલીસે લિંબાયતની સંજયનગર સોસાયટીમાં રહેતા અને હર્ષલના પિતા અધિકાર દગા પાટીલની ફરિયાદ આધારે આરોપીઓ પીન્કેશ, તેજસ ઉર્ફે કક્લુ, અક્ષય મોરે અને રાહુલ વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધ્યો છે. તમામને પકડી લીધા હતા. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે મૃતક બંને મિત્રો ગુનાહિત ઇતિહાસ ધરાવતા હતા અને અગાઉ તેમના પર મારામારી તેમજ પાસા હેઠળની કાર્યવાહી પણ થઈ ચૂકી છે. હાલ ભટ્ટુને તડીપાર કરવાનું પ્રપોઝલ પોલીસે તૈયાર કર્યું હતું. 24 વર્ષીય હર્ષલ પાટીલ પરિવારમાં એકનો એક દીકરો હતો, પાર્સલ ડિલિવરી બોય તરીકે કામ કરતો હતો.જ્યારે 25 વર્ષીય ભટ્ટુ માળી બાપાસીતારામ ચોકની નંદનવન સોયટીમાં રહેતો હતો. અને પરિવારમાં મોટો ભાઈ અને બે બહેન છે. હર્ષલ અને ભટ્ટુ બંને ગાઢ મિત્રો હતા.

# સાયણમાં આગથી બચવા શ્રમિકો એકથી બીજી ટેરેસ પર કૂદી ગયા

**સાયણમાં** લાગેલી આગમાં ફાયર બ્રિગેડનું પાણી ખૂટી ગયું

**બાલાજી** એસ્ટેટની કંપનીમાં યાર્ન અને મશીનરી સ્વાહા



સાયણઃ સાયણની જીવનરક્ષા હોસ્પિટલ પાછળ આવેલ બાલાજી એસ્ટેટમાં યાર્ન બનાવતી એક ફેક્ટરીમાં રવિવારે સવારે અચાનક ભભુકેલી આગ ઉપર ફાયર જવાનોની ટીમ કાબુ મેળવે તે પહેલા જ ફેક્ટરીમાં જમા યાર્ન અને મશીનરી સંપૂર્ણ બળીને સ્વાહા થઈ ગઈ હતી. જેથી ફેક્ટરી માલિકને એક કરોડથી વધુ રૂપિયાનું નુકસાન થયું હોવાનો અંદાજ છે.જો કે આગ લાગતાં યાર્ન ફેક્ટરીનાં ટેરેસની રૂમમાં રહેતા કારીગરોને આગની જાણ થતાં તેઓ બાજુની બિલ્ડીંગનાં ટેરેસ કૂદી સીડી ઉતરી નીચે આવી જતા તમામ કારીગરોનો આબાદ બચાવ થવાથી ફેક્ટરી માલિક અને સરકારી તંત્રએ રાહતનો દમ લીધો હતો.

આગ દુર્ઘટનાની વિગત મુજબ સુરત શહેરના કાપોદ્રા વિસ્તારની મમતા સોસાયટીમાં રહેતા જીગર જીવરાજભાઈ રોયની ઓલપાડના સાયણ ગામની સીમમાં બાલાજી એસ્ટેટમાં યાર્ન બનાવતી કૈલાશ ટેક્ષટાઈલ નામની ફેક્ટરી ભાડેથી રાખેલી છે. પહેલા માળે બનેલ ...અનુસંધાન પાના 5 પર

## આગ ઓલવવા ફેક્ટરીની 100 ફૂટની દિવાલ તોડવી પડી

ફેક્ટરીની દિવાલની આશરે ૧૦૦ ફૂટ લંબાઈ હોવાથી ફાયર જવાનોને આગળનાં ભાગેથી પાણીનો છંટકાવ કરવામાં મુશ્કેલી પડી હતી. જેથી જે.સી.બી.મશીન મંગાવી ફેક્ટરીની સાઈટની દિવાલ તોડી બાજુના ખુલ્લા પ્લોટમાંથી આગ ઉપર કાબૂ મેળવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. પરંતુ વિકરાળ બનેલી આગ કાબૂમાં આવે પહેલાં બંન્ને બંમ્બાનું પાણી ખલાસ થઈ જતાં જીવનરક્ષા હોસ્પિટલ તથા આસપાસથી પાણી ભરીને આગની જ્વાળા ઉપર પાણીનો છંટકાવ કરવામાં આવ્યો હતો. પરંતુ યાર્ન ઉત્પાદન કરતી આ કંપનીમાં જ્વલનશીલ સામગ્રી વધુ હોવાથી આગે વધુ રોદ્ર સ્વરૂપ ધારણ કરતાં ફાયર જવાનોની વધુ બે ટીમ બોલાવી સતત ચાર કલાકની ભારે જહેમત બાદ ફાયર જવાનોએ આગ ઉપર કાબૂ મેળવોય હતો. એસ્ટેટમાં આવેલા અન્ય ફેક્ટરીઓ આગની ઝપેટથી બચી જતાં ફેક્ટરી માલિકો અને સરકારી તંત્રએ રાહતનો દમ લીધો હતો.

# અલથાણમાં 7 વર્ષના બાળકને કૂતરાએ બચકાં ભર્યા

**પીઆર** ખાટીવાલાનો વિદ્યાર્થી કેળા લઇને ઘરે જઇ રહ્યો હતો ત્યારે ઘટના બની

**પરિવારના** સભ્યો અને લોકો દોડી આવતા કૂતરું ભાગી ગયું

**સુરત** મહાનગર પાલિકા સુપ્રીમકોર્ટના આદેશની અવગણના કરતાં હોય તેવું ચિત્ર



સુરતઃ અલથાણમાં કેળા લઈને ઘરે આવતા 7 વર્ષના બાળકને રખડતા કુતરાએ બચકું ભરી લીધું હતું. તેને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેને પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. સુપ્રિમકોર્ટના આદેશની પણ સુરત મહાનગર પાલિકાના અધિકારીઓ કરી રહ્યાં હોય તેવું હાલ તો લાગી રહ્યું છે કારણ કે, રખડતાં કૂતરાઓની સંખ્યા કાબૂમાં લેવાની જવાબદારી તેમના માથે છે.

મળેલી માહિતી મુજબ, મૂળ રાજસ્થાન જાલોરના વતની મહેન્દ્રસિંહ રાજપૂત હાલમાં અલથાણ વસંત વિહાર સોસાયટી પાસે આવેલી ઠાકોરદીપ સોસાયટીમાં બે સંતાન સહિતના પરિવાર સાથે રહે છે અને કરિયાણાની દુકાન ચલાવે છે. મહેન્દ્રસિંહના સંતાન પૈકી એકનો એક 7 વર્ષીય પુત્ર જશપાલ પી.આર ખાટીવાલા સ્કૂલના ધોરણ 2માં અભ્યાસ કરે છે. રવિવારે સવારે 8 વાગ્યાના સુમારે તે ઘરની પાસે શાકભાજીની લારી પર કેળા લેવા માટે ગયો હતો અને ત્યાંથી પરત ફરી રહ્યો હતો. તે સમયે અચાનક દોડી આવેલા રખડતા કૂતરાએ જશપાલ કઈ સમજે તે પહેલા જ તેના ડાબા પગમાં હુમલો કરી દીધો હતો. કૂતરાના હુમલામાં ઈજાગ્રસ્ત થયેલા જશપાલે બૂમાબૂમ કરતા ત્યાં હાજર લોકો તેમજ પરિવારના સભ્યો દોડી આવ્યા હતા. તેમજ ઈજાગ્રસ્ત જશપાલને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ લઈ આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેને રેબીઝની પ્રાથમિક સારવાર આપી હતી. સમગ્ર બનાવના CCTV પણ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યા છે. જેને પગલે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને સુરત મહાનગર પાલિકાની કામગીરી સામે ફિટકાર વરસાવી રહ્યા છે.

# લાઈફ લાઈન હોસ્પિટલના ડિરેક્ટર સામે ઠગાઈનો ગુનો

**ડો. હિરેન** શાહ, પત્ની પિનલ શાહ, બહેન શ્વેતા શાહ અને રામચંદ્ર પટેલે ૫૫ લાખની હેરફેર કરી

**રાજીનામું** આપનારા ડિરેક્ટરના શેર સરખે હિસ્સે વહેંચવાના બદલે ચીટિંગ કર્યું

સુરતઃ મોરાભાગળ વિસ્તારમાં આવેલી જાણીતી લાઈફ લાઈન મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલમાં શેર ટ્રાન્સફર અને નાણાકીય વ્યવહારોમાં કરોડો રૂપિયાની ઉચાપત અને છેતરપિંડીનો સનસનાટીભર્યો મામલો સામે આવ્યો છે. હોસ્પિટલના જ સીનિયર ડિરેક્ટર હિરેન શાહે અન્ય ડિરેક્ટર ડોક્ટરોનો વિશ્વાસ જીતી, રાજીનામું આપનારા ભાગીદારોના લાખો શેર અન્ય ડોક્ટરોના લાભમાં ટ્રાન્સફર કરવાના બહાને પોતાના તથા પોતાના પરિવારના નામે મળી કુલ 55 લાખ ટ્રાન્સફર કરાવી લીધા હતા. આ અંગે અડાજણના સર્જન ડો. નૈનેશ ભાનુભાઈ પટેલે સુરત શહેર આર્થિક ગુના નિવારણ શાખામાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ફરિયાદની વિગતો મુજબ, વર્ષ ૨૦૧૩ માં આરોપી હિરેન શાહે ડો. નૈનેશ પટેલ, ડો. રાજીવ પંડ્યા અને ડો. અંકુર ચૌધરી સહિતના અન્ય ડોક્ટરોનો સંપર્ક કરી રાંદેર વિસ્તારમાં ...અનુસંધાન પાના 5 પર

## શેર પોતાના પરિવારના ડિમેટ ખાતામાં સરકાવી દીધા

મુખ્ય આરોપી હિરેન શાહે અન્ય ડોક્ટરોને એવું જણાવ્યું હતું કે રાજીનામું આપનારા બંને ડિરેક્ટરોના શેર ચાલુ ડિરેક્ટરોના નામે ટ્રાન્સફર કરવા માટે કંપની રજિસ્ટ્રારને મોકલી આપ્યા છે. જોકે, તાજેતરમાં તપાસ કરતા માલૂમ પડ્યું હતું કે હિરેન શાહે આ રીઝોલ્યુશન કંપની રજિસ્ટ્રારને મોકલ્યા જ નહોતા. ઉલટાનું, રામચંદ્ર પટેલ અને અરવિંદ પટેલના લાખો શેર (૧,૬૬,૫૬૦ અને ૧,૬૬,૫૫૯ શેર) તેમના ડિમેટ એકાઉન્ટમાં તેમજ અમુક શેર પોતાની પત્ની પિનલ શાહ અને બહેન શ્વેતા શાહના ડિમેટ ખાતામાં ટ્રાન્સફર કરાવી લીધા હતા. આ શેરોમાંથી પત્ની અને બહેને અમુક શેર અન્ય સગા-સંબંધીઓને પણ ટ્રાન્સફર કરી દીધા હતા.

## રૂ. ૫૫ લાખ રોકડા ઉપાડ્યા, હોસ્પિટલને અંધારામાં રાખી ઉચાપત કરી

આટલું જ નહીં, આરોપી હિરેન શાહે હોસ્પિટલના નિયમો વિરુદ્ધ જઈને માતા સુરેખાબેનને અડાજણ નેફ્રોકેર ડાયાલિસિસ સેન્ટર અને હોસ્પિટલની ફાર્મસીમાં ભાગીદાર બનાવી દીધા હતા અને વર્ષ ૨૦૧૮ થી ૨૦૨૫ દરમિયાન ફાર્મસી તેમજ ડાયાલિસિસ વિભાગમાંથી મોટી રકમની ઉચાપત કરી હતી. નવા નિમાયેલા એકાઉન્ટન્ટ દ્વારા તપાસ કરાતા બહાર આવ્યું હતું કે, હિરેન શાહે હોસ્પિટલના બેંક ખાતામાંથી આશરે રૂ. ૫૫,૦૦૦,૦૦૦ (૫૫ લાખ) રોકડા વિડ્રોલ કર્યા હતા, જેનો કોઈ હિસાબ મળ્યો નથી. આ સિવાય હોસ્પિટલની જાણ બહાર અન્ય રૂ. ૧૨ લાખનું પેમેન્ટ પણ કરી દેવાયું હતું. આ સમગ્ર કૌભાંડ અંગે આર્થિક ગુના નિવારણ શાખાના પોલીસ ઇન્સ્પેક્ટર કે.વી. બારીયાએ આરોપી હિરેન શાહ, રામચંદ્ર પટેલ, પત્ની પિનલ શાહ અને બહેન શ્વેતા શાહ વિરુદ્ધ પૂર્વઆયોજિત કાવતરું રચી ગુનાહિત વિશ્વાસઘાત અને છેતરપિંડી કરવા બદલ કાયદેસરનો ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

# નાસીરનગરના ડિમોલિશનમાં મનપાના શાસકો પણ ઉલ્લુ બની ગયા!

**શાસકોને** બાયપાસ કરીને જ બિલ્ડર-મનપા અને પોલીસની ટિકડીએ ખેલ પાડી દીધો

**સોપારીમાં** મનપા અને પોલીસની મુક્પ્રેક્ષકની ભુમિકા હતી અને ડિમોલિશન બિલ્ડરોના માણસોએ કરી નાખ્યું

સુરતઃ વેડરોડ પર આવેલા નાસીરનગરમાં થયેલા ભુતિયા ડિમોલિશનનો વિવાદ હવે આખા રાજ્યમાં ચર્ચાએ ચડ્યો છે. આ ભુતિયું ડિમોલિશન કોણે કર્યું તેની તપાસના આદેશો કરી દેવામાં આવ્યા છે પરંતુ આ મામલે દોષી શોધાશે કે કેમ? તે મુદ્દો પેચીદો છે. કારણ કે આ ડિમોલિશન સરકારી જગ્યા પર કરવામાં આવ્યું છે. સંજય અને શૈલેષ નામના બિલ્ડરોના ઈશારે મનપા અને પોલીસ તંત્રએ મુકપ્રેક્ષક બનીને બિલ્ડરોના માણસો દ્વારા કરાયેલા ડિમોલિશનને મુકસંમતિ આપવામાં આવી છે. આ વિવાદમાં મોટા માથાઓ પણ સંડોવાયેલા છે ત્યારે હવે આ મામલો કોર્ટમાં જાય તે જરૂરી છે. જો તેમ થશે તો જ દોષી પકડાશે. બિલ્ડરોને લાભ માટે જ લાઈનદોરીથી રસ્તાનું ડિમાર્કેશન કરાયુ તેવી પ્રબળ શક્યતા છે અને આખા પ્રકરણમાં મનપાના શાસકોને ઉલ્લું બનાવી દેવામાં આવ્યા છે.

નાસીરનગરના ડિમોલિશન પાછળ તમામની મિલીભગતથી એવી ગણતરી હતી કે આખી મામલો દબાઈ જશે પરંતુ આખો મામલો બહાર આવી ગયો છે. કહે છે કે મોટા માથાના નામનો ઉપયોગ કરીને ખેલ કરી દેવામાં આવ્યો છે. મનપાના મેયર કહી કે સ્થાયી સમિતી ચેરમેન, તમામને બાયપાસ કરી દેવામાં આવ્યા છે. સરકારી જમીન હતી તેથી કોઈ બોલશે નહીં તેવી ગણતરી રાખીને બારોબાર સોપારી ફોડી ડિમોલિશન કરી દેવામાં આવ્યું છે. આ પ્રકરણમાં સ્થાયી સમિતી ચેરમેન દ્વારા કમિ ને તપાસના આદેશો કરવામાં આવ્યા છે ત્યારે હવે મ્યુનિ કમિ એમ નાગરાજન શું સત્ય શોધે છે તે ખુબ જ મહત્વનું છે. સુરત મહાપાલિકાના ઈતિહાસમાં આ પ્રથમ વખત થયું છે કે બારોબાર ડિમોલિશન કરી દેવામાં આવ્યું હોય અને પછી હાથ ઉંચા કરી દેવામાં આવ્યા હોય. આ પ્રકરણમાં મનપાએ ગાંધારીની ભૂમિકા ભજવી છે અને લાભ લઈ લીધો છે. જ્યારે ...અનુસંધાન પાના 5 પર




છઠ્ઠી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

કોઈ એવી ક્ષણ નથી
જ્યાં આપનું સ્મરણ ન હોય,
કોઈ એવી જગ્યા નથી
જ્યાં આપના પુનિત પગલા ન હોય,
કોઈ એવી સફળતા નથી
જ્યાં આપના પુરુષાર્થ ન હોય.
આપ હંમેશા અમારી સાથે જ છો અને સાથે જ રહેશો.
પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

સ્વ. હંસાબેન
મનોજકુમાર અંજીરીયા
સ્વ.તા: ૦૮/૦૬/૨૦૨૦

લિ.
સમસ્ત પરિવાર

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફીકસ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીકસ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા , સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેકસ : ૨૫૯૯૯૯૦



श्रद्धांजलि सभा

अत्यंत दु:ख के साथ सूचित कर रहे है कि हमारी पूज्यनीय
श्रीमती कांतादेवी गोयल
(धर्मपत्नी श्री सीताराम जी गोयल)
का स्वर्गवास दि. 06-06-2026 शनिवार को हो गया है।

दिवंगत की श्रद्धांजलि सभा
दि. 08-06-2026 सोमवार को सुबह 10.00 से 11.00 बजे तक रखी गई है।
स्थल : पंचवटी हॉल, अग्रसेन भवन, सिटीलाइट, सूरत

:: शोकाकुल ::
सीताराम गोयल (पति),
हर गोविंद-माया गोयल, सुभाष-कृष्ण गोयल,
गोरी शंकर-सुमन गोयल (भाई-भाभी), अतुल-स्नेहा (पुत्र-पुत्रवधू),
कविता-राजेश जी अग्रवाल, दीपिका-शशि जी कोकड़ा (बेटी-जंवाई)
संजय-रेवा गोयल, सुशील-सुमन गोयल, संदीप-रूपल गोयल,
दिपक-शिल्पा गोयल, अमीत-साक्षी गोयल (भतीजा-भतीजा वधू)
नव्या, अद्वैत (पौत्री- पौत्र), पल्लवी, कर्ण, ईशान, शानवी (दोहिता-दोहित्री)
Goyal Knitfab Pvt Ltd | Goyal Enterprises & Co